---

**અધિક સિવિલ અદાલત સમક્ષ, મુ. ભુજ–કચ્છ.**

---

રે.દી.દા.નં.૮૪/૨૦૧૯

**– : : આંક–૦૫ ની મનાઈ અરજી લગત હુકમ : : –**

**(૦૧)** આ કામના વાદી દવારા હાલનો દાવો દાખલ કરી સી.પી.સી. ઓર્ડર–૩૯ રૂલ–૧, ૨ કલમ–૧૫૧ મુજબ દાવો ચાલતા દરમિયાન મનાઈ હુકમ મેળવવા અરજી કરેલ છે.

**(૧/૧)** જે અરજીની ટૂંક હકીકત છે કે, વાદીએ પ્રતિવાદી વિરુધ્ધ તેમની ગીરો મિલકત છોડાવવા અંગેનો તથા મનાઈહુકમ અને ડેકલેરેશન મેળવવાનો દાવો કરેલ છે. આ દાવો ચાલીને નિકાલ થાય તેમાં સમય લાગે તે સ્વાભાવિક છે. આથી દાવો ચાલતા દરમિયાન દાવાવાળી મિલકતને પ્રતિવાદીઓ ટ્રાન્સફર કરે / કરાવે નહિ, એવો પ્રતિવાદી વિરુધ્ધ મનાઈ હુકમ ફરમાવવા અરજ ગુજારેલ છે.

**(૧/૨)** વાદીની વડિલોપાર્જિત માલિકીની મિલકત ભુજ શહેર મધ્યે આવેલા સીટી સર્વે વોર્ડ નંબર–૧ માં સીટી સર્વે નં. ૪૭૧ અને ૪૭૨ માં વાળી આવેલી છે. સદરહુ મિલકત વાદીના દાદા પખાલી ગોવા ગોવિંદ શીવજીની છે અને તેમના દાદાએ સદરહુ મિલકત પ્રતિવાદીઓના વડિલ પખાલી મગનલાલ દેવજી પાસે રજી. દસ્તાવેજ નંબર– ૧૧૯૫, તારીખ–૨૧/૦૮/૧૯૬૯ થી રૂા.૧,૩૦૦/– (અંકે રૂપિયા એક હજાર ત્રણસો પુરા) માં ગીરવે (મોર્ગેજ) મુકેલી છે.

**(૧/૩)** વાદીના વડિલોપાર્જિત મિલકતના સીટી સર્વે વોર્ડ નંબર–૧ અને સીટી સર્વે નંબર–૪૭૧ અને ૪૭૨ છે. આ મિલકતના ચાલતા નંબર–૧૦૯ અને ૧૧૦ છે. આ મિલકત વાદીના દાદાએ સ્વ.મગનલાલ દેવજી ચૌહાણ પાસે રૂા.૧,૩૦૦/– માં ગીરવે મુકેલી છે અને તેમના વારસદારને પ્રતિવાદી પક્ષે જોડવામાં આવેલા છે. મિલકત સીટી સર્વે કચેરીમાં વારસાઈ એન્ટ્રીથી પ્રતિવાદીઓના નામે કબ્જા ગીરો તરીકે ચડાવાયેલી છે.

**(૧/૪)** વાદીની દાવાવાળી મિલકતના વડિલોપાર્જિત મિલકતના ગીરોના દસ્તાવેજમાં વાદીના દાદાએ પાના નંબર–૫ ઉપર સ્પષ્ટ જણાવેલ છે કે, ''આ જગ્યા હું કે મારા વંશ વારસો છોડાવવા આવીએ ત્યારે તમને ચૂકતે રકમ આપીએથી આ જગ્યા તેની

દુકાન સહિત વછુટે સહી.'' આમ, વાદીની વડિલોપાર્જિત ગીરો મિલકત છોડાવવાનો તેમનો હકક અધિકાર રહેલ છે. વાદી પ્રતિવાદીઓને રૂા.૧,૩૦૦/– (અંકે રૂપિયા એક હજાર ત્રણ સો પુરા) ચૂકવી આપવા તૈયાર છે અને દસ્તાવેજના પાના નંબર– ૫ ઉપર ઉલ્લેખ કરેલ છે કે, ''મેં તમારા પાસેથી રૂા.૧૩૦૦/– તેરસો લઈને તમને વિટાંતર માંડી આપી છે. તે જયાં સુધી આ લેણામાં વિટાંતરના ધનિક તરીકે તમારા કબ્જામાં રહે ત્યાં સુધી તે સારી સ્થિતિમાં ભોગવવા લાયક અને તેની કિંમતમાં ઘડાડો ન થાય તેવી હાલતમાં કરી રાખવાની.''

**(૧/૫)** દાવાવાળી મિલકત ભુજ શહેરમાં ૨૦૦૧ ની સાલે આવેલા ભયંકર ભૂકંપમાં નાસ પામેલી છે તેમાંની દુકાન પણ હયાત નથી અને આ મિલકત જમીન બની ગયેલી છે. વાદીના દાદાએ ગીરો રાખતી વખતેના દસ્તાવેજમાં પાના નં. ૬ ઉપર ઉલ્લેખ કરેલ છે કે, ''તમારી માંગણીથી આ ખતની તમારી લેણી રકમ જયારે તમને ચૂકતે આપું ત્યારે તેની પહોંચ તમારી મને આપવી અને આ જગ્યા તેના નીચે લખ્યા દસ્તાવેજો સહિત બોજો મુકત કરી મારે હવાલે તમારી પાછી સોંપવી ઠરાવેલ છે.'' આમ, પ્રતિવાદીઓ દાવાવાળી મિલકત તેની જેમ સ્થિતિમાં હતી તેમ જ વાદીને પરત સોંપવા બંધાયેલા છે.

**(૧/૫)** વાદીનો કેસ પ્રાઈમાફેસી છે. વાદીની વડિલોપાર્જિત મિલકત તે દાવાવાળી મિલકત તેમની માલિકીની છે અને પ્રતિવાદીઓ તેના કબ્જે ગીરેદાર છે. આથી, પ્રતિવાદીઓ ગીરોના હકકો સાથે આ મિલકત આ દાવો ચાલતા દરમિયાન કોઈને ટ્રાન્સફર કરે / કરાવે નહિ કે આંડે આંકે વેંચાણ કરે / કરાવે નહિ. જો પ્રતિવાદીઓ દાવાવાળી મિલકત ચાલતા દાવે અન્ય કોઈને ટ્રાન્સફર કરે / કરાવે નહિ તો વાદીને મલ્ટીપ્લીસીટી સુટમાં ઉતરવું પડશે. વાદીને તેનાથી પારાવાર મુશ્કેલી અને હાડમારી થશે અને પ્રતિવાદીઓની માલિકી દાવાવાળી મિલકત નહિ હોવાથી તેમને કશું નુકસાન નથી. આથી, પ્રતિવાદીઓ વિરુધ્ધ દાવો ચાલે તે દરમિયાન મનાઈહુકમ ફરમાવવા અરજ ગુજારેલ છે.

**(૧/૬)** વાદીની વડિલોપાર્જિત મિલકત તે દાવાવાળી મિલકત છે અને પ્રતિવાદીઓ તેના કબ્જો ગીરેદાર છે. આથી, પ્રતિવાદીઓ ગીરોના હકકો સાથે આ મિલકત અન્ય કોઈને ટ્રાન્સફર કરે / કરાવે નહિ કે આંડે આંકે વેંચાણ કરે / કરાવે નહિ. એવો પ્રતિવાદીઓ વિરુધ્ધ દાવો ચાલે તે દરમિયાન મનાઈહુકમ ફરમાવવા અરજ ગુજારેલ છે.

**(૦૨)** આ કામે દાવાની નોટિસ બજી જતા પ્રતિવાદીઓ દ્વારા આંક–૨૦ થી તેઓના વિધ્વાન વકીલશ્રી મારફતે હાજર થઈ જવાબ તથા આંક– ૫૩ થી લેખિત દલીલ રજૂ કરેલ છે. જેની ટૂંક હકીકત નીચે મુજબ છે.

**(૨/૧)** વાદીનો દાવો તથા દરમિયાન મનાઈહુકમની અરજી લીગલ, વેલીડ કે બોનાફાઈડ નથી અને તેમાંની વિગતો તથા આક્ષેપોનો આથી સદંતર અને સ્પષ્ટપણે ઈન્કાર કરે છે.

**(૨/૨)** સદરહુ મિલકત વાદીના દાદા પખાલી ગોવા ઉર્ફે ગોવિંદ શીવજીની આવેલ અને તેઓએ પ્રતિવાદીઓના વડિલ પખાલી મગનલાલ દેવજી પાસે રજી. દસ્તાવેજ નંબર–૧૧૯૫, તારીખ–૨૧/૦૮/૧૯૬૯ થી રૂા.૧,૩૦૦/– (અંકે રૂપિયા એક હજાર ત્રણ સો પુરા) માં ગીરવે (મોર્ગેજ) મુકેલી હોવાની હકીકત તેઓ સ્વીકારતા નથી.

**(૨/૩)** વાદીનો દાવો કેવી રીતે અને લીમીટેશન એકટના કયા આર્ટીકલ મુજબ લીમીટેશનમાં છે તેવી કોઈ હકીકત વાદીએ ઈરાદાપૂર્વક જણાવેલ નથી અને અન્યથાપણ વાદીનો દાવો બાર્ડ બાય લો ઓફ લીમીટેશન હોઈ દાવો કે દરમિયાન મનાઈ હુકમની અરજી લીગલી મેઈન્ટેનેબલ કે એન્ટરટેઈનેબલ નથી.

**(૨/૪)** વાદી દ્વારા રે.દી.દાવા નંબર– ૮૧/૨૦૦૪ વાળા કામે આપેલ સોગંદ પરની જુબાની પરથી તેમને તેમના દાદા કે પિતાશ્રીની કોઈ મિલકત પ્રાપ્ત થયેલ ન હોવાનું જણાવવામાં આવેલ હોઈ તથા તેમના પિતાશ્રીએ તેમની હયાતીમાં કહેવાતા ગીરો બાબતે કોઈ કાર્યવાહી કરેલ ન હોઈ અને પોતાના કહેવાતા હકકો વેઈવ કરેલ હોઈ તથા વાદીના પિતાશ્રીનું સને–૧૯૮૫ ની સાલમાં અવસાન થયેલ હોઈ સને– ૧૯૮૫ થી ૨૦૧૯ એટલે કે ૩૪ વર્ષ સુધી વાદીએ દાવાવાળી મિલકત બાબતે કોઈ કાર્યવાહી કરેલ ન હોઈ ત્યારે અને તેવા સંજોગોમાં પણ દાવાવાળી મિલકત બાબતે કહેવાતા ગીરો છોડાવવા વાદી હકકદાર બનતા ન હોઈ અને તેવા સંજોગોમાં પણ વાદીને આવા પ્રકારનો દાવો આણવા કાયદેસર કોઈ હકક કે અધિકાર ન હોઈ તેથી પણ વાદીની દરમિયાન મનાઈહુકમની અરજી રદ્દ થવા પાત્ર છે.

**(૨/૫)** વાદીએ પ્રતિવાદીની મિલકત ગેરકાયદેસર અને બિનઅધિકૃત રીતે ભુજ વિસ્તાર વિકાસ સત્તા મંડળના અધિકારી અને કર્મચારી સાથે ભળી જઈ ખોટી રીતે સરંડર કરી દીધેલ છે અને ખોટા સોગંદનામાઓ રજૂ કરી તેમની મિલકત ગેરકાયદેસર સરંડર કરી મુંદરા રીલોકેશન સાઈટ મધ્યે પ્લોટ નંબર–૬૬/એ વાળો મેળવી લીધેલ તે બાબતે પ્રતિવાદીઓએ વાદી તથા ભાડાના અધિકારી અને કર્મચારી

વિરુધ્ધ ફોજદારી ફરિયાદ કરેલ છે. તેટલું જ નહિ, વાદીના ગેરકાયદેસરના કૃત્ય બદલ ફોજદારી ફરિયાદ પણ કરેલ અને પ્રતિવાદીઓ ધ્વારા વાદી વિરુધ્ધ કરવામાં આવેલ દાવો મંજૂર થયેલ અને દરમિયાન વાદીને એલોટ કરવામાં આવેલ પ્લોટની ફાળવણી પણ ભાડા ધ્વારા રદૃ કરવામાં આવેલ હોઈ તે તમામ કાર્યવાહીના કાઉન્ટર બ્લાસ્ટ તરીકે હાલનો હાલનો આ ખોટી વિગતો તથા આક્ષેપોવાળો દાવો કરી દરમિયાન મનાઈહુકમની અરજીની મહત્વની હકીકત સપ્રેસ કરેલ હોઈ ત્યારે અને તેવા સંજોગોમાં વાદી મનાઈહુકમ જેવી ડીસ્ક્રીશનરી રીલીફ મેળવવા એન્ટાઈટલ ન હોઈ તેથી પણ વાદીની દરમિયાન મનાઈહુકમની અરજી રદૃ થવા પાત્ર છે.

(૨/૬) વાદીએ ફોલ્સ, ફ્રીવલસ અને વેકસેસીયસ દાવો આણેલ હઈ દાવો તથા દરમિયાન મનાઈ હુકમની અરજી રદૃ ફરમાવવા અરજ ગુજારેલ છે.

(૦૩) આ કામે વાદી તરફે આંક–૦૩ દસ્તાવેજી પુરાવાનું લિસ્ટ રજૂ કરેલ છે.

| ક્રમ | વિગત |
|---|---|
| ૧. | રજી. દસ્તાવેજ નંબર– ૧૧૯૫ ગીરો દસ્તાવેજની નકલ |
| ૨. | પ્રોપર્ટી કાર્ડની નકલ |
| ૩. | ડેપ્યુટી કલેકટર, ભુજ સમક્ષની અપીલ નંબર– ૩૩/૧૮ ના હુકમની નકલ |
| ૪. | કલેકટર કચ્છ–ભુજના સમક્ષ કરેલી રીવીઝન અરજીની નકલ. |

(૦૫) આ કામે પ્રતિવાદી તરફે આંક–૫ર થી દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ રજૂ કરેલ છે.

| ક્રમ | વિગત |
|---|---|
| ૧. | ના.શ્રી. પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજની કોર્ટ ભુજ–કચ્છ તરફથી દિ.દા.નંબર–૮૧/૦૪ તથા સ્પે.દાવા નંબર– ૬૨/૦૩ વાળા કામે થયેલ હુકમની નકલ. |
| ૨ | કચ્છ કલેકટરશ્રી હુકમની નકલ |
| ૩ | નાયબ કલેકટરના હુકમની નકલ |

(૦૬) સદર કામે વાદી તથા પ્રતિવાદીની મૌખિક દલીલો સાંભળી.

(૦૭) પક્ષકારોના પક્ષ નિવેદનો, રજૂ દસ્તાવેજી પુરાવા, તેમજ દલીલો ધ્યાને લેતાં મનાઈ હુકમની અરજીના ન્યાય નિર્ણય પર આવવા માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**– : : મુદ્દા ઓ : : –**

**મુદ્દા નં. ૧** શું વાદી પુરવાર કરે છે કે, તેઓનો પ્રથમ દર્શનીય કેસ છે ?

**મુદ્દા નં. ૨** શું વાદી પુરવાર કરે છે કે, માંગ્યા મુજબનો મનાઈ હુકમ નહિ આપવામાં આવે તો નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવું નુકસાન થાય તેમ છે ?

**મુદ્દા નં. ૩** શું વાદી પુરવાર કરે છે કે, સગવડતા અગવડતાનું ધોરણ તેઓની તરફેણમાં છે ?

**મુદ્દા નં. ૪** શું હુકમ ?

(૦૮) ઉપરોકત મુદ્દાઓ પરત્વેનાં નિર્ણયો નીચે મુજબના છે.

**– : : નિર્ણયો : : –**

**મુદ્દા નંબર ૧** **નકારમાં**

**મુદ્દા નંબર ૨** **નકારમાં**

**મુદ્દા નંબર ૩** **નકારમાં**

**મુદ્દા નંબર ૪** **આખરી હુકમ મુજબ**

**–:: કારણો ::–**

(૦૯) ઉપરોકત મનાઈ અરજીની હકીકતોને ધ્યાને લેતા દીવાની કાર્યસહિતાના ઓર્ડર ૩૯ રૂલ ૧, ૨ તથા કલમ–૧૫૧ હેઠળની અરજી હોય નિકાલ માટે અરજી લઈ આવનાર પક્ષકારે પોતાનો પ્રથમ દર્શનીય કેસ પુરવાર કરવાનો રહે છે. મનાઈ હુકમ હેઠળની દાદ સમન્યાયના હેતુસર કોર્ટ સમક્ષ માંગવામાં આવેલ હોય ત્યારે મુખ્ય ઉદેશ પક્ષકારો વચ્ચે તકરારનો નિકાલ ન થાય ત્યાં સુધી દાવાની વિષય વસ્તુની ''યથા સ્થિતિ'' જાળવી રાખવાનો રહે છે. એ હકીકત સ્વીકાર્ય છે કે, પ્રથમ દર્શનીય હકક કે જે કેસના અંતે પુરાવાના મૂલ્યાંકન બાદ પ્રસ્થાપિત થાય છે પરંતુ પ્રથમ દર્શનીય કેસ છે તે પુરાવાની પ્રાથમિક ચકાસણીના આધારે નિર્ધારિત થાય છે. જે પ્રસ્થાપિત કેસની સાથે પક્ષકારોને નાણાંમાં આંકી ન શકાય તેવું નુકસાન તથા તુલનાત્મકરીતે

ન્યાયની સમતુલાનું પલ્લુ કોની તરફેણમાં છે તે જોવાનું રહે છે. આ તમામ સંજોગોને ધ્યાને લઈ મનાઈ હુકમ આપતી વખતે કોર્ટે વિવેકાધીન સત્તાનો ન્યાયિક ઉપયોગ કરવાનો રહે છે.

(૧૦) બન્ને પક્ષોની રજૂઆતો, રજૂ દસ્તાવેજો તથા પક્ષનિવેદનો ધ્યાને લીધા.

(૧૧) સૌ પ્રથમ વાદી ધ્વારા આંક–૩/૨ થી રજૂ કરવામાં આવેલ વાદગ્રસ્ત મિલકતમાં પ્રોપર્ટી કાર્ડ ધ્યાને લેવામાં આવે તો પ્રોપર્ટીકાર્ડ વાદગ્રસ્ત મિલકત, ગુજરાત સરકારના શહેરી વિકાસના તારીખ–૧૪/૦૩/૨૦૦૩ વાળા જાહેરનામાથી નગરરચના યોજના મુજબ ''મા : લખુ સુરાણી ખવાસ'' ને ધારણ કરનાર તરીકે દર્શાવેલ છે અને ''બીજા બોજા : કા.ગી. મગન દેવજી પખાલી'' તરીકે દર્શાવેલ છે તેમજ મગન દેવજી ચૌહાણ નું અવસાન થતાં વારસાઈ સોંદદનામાના આધારે વારસાઈ નોંધ પાડવામાં આવેલ છે અને સદરહુ મિલકતના કાયમી ગીરેદાર સ્વ.મગનલાલ દેવજી ચૌહાણ વારસદાર તરીકે પ્રતિવાદીઓના નામ દાખલ કરવામાં આવેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વાદગ્રસ્ત મિલકત તેઓને વડિલોપાર્જિત માલિકીની મિલકત હોવાનું અને સરદહુ મિલકત વાદીના દાદા પખાલી ગોવા ઉર્ફે ગોવિંદ શીવજીની હોવાનું કથન વાદી ધ્વારા કરવામાં આવેલ છે ત્યારે વાદી ધ્વારા આંક–૩/૨ થી રજૂ થયેલ પ્રોપર્ટી કાર્ડમાં ધારણ કર્તા તરીકે લખુ સુરાણી ખવાસ દર્શાવેલ છે. સદરહુ બાબતે વાદી ધ્વારા ઉલ્લેખ કરવામાં આવેલ છે કે, આંક–૩/૨ વાળા પ્રોપર્ટીકાર્ડમાં ભૂલથી લખુ સુરાણી લખવામાં આવેલ છે. પરંતુ, વાદી ધ્વારા સરદહુ ભૂલ બાબતે સુધારો કરવા માટે કોઈ કામગીરી હાથ ધરવામાં આવેલ હોય તેવું બનેલ નથી. તેથી જયારે વાદગ્રસ્ત મિલકત વાદીની વડિલોપાર્જિત મિલકત હોવા સંબંધે હાલના દાવાના કામે સ્પષ્ટ અને આધારભૂત પુરાવો રજૂ કરવામાં આવેલ ન હોય ત્યારે હાલના તબકકે વાદીની અરજીમાં જણાવ્યા મુજબનો મનાઈહુકમ આપી શકાય નહિ.

વાદી ધ્વારા તારીખ–૨૧/૦૮/૧૯૬૯ ના રોજનો રજી. ગીરો દસ્તાવેજ નંબર–૧૧૯૫ રજૂ કરવામાં આવેલ છે અને સદરહુ ગીરો દસ્તાવેજ વાદીના દાદા પખાલી ગોવા ઉર્ફે ગોવિંદ શીવજી નાઓ ધ્વારા પ્રતિવાદીઓના વડિલ મગનલાલ દેવજીએ વાદગ્રસ્ત મિલકત રૂા.૧,૩૦૦/– માં ગીરવે મૂકેલી હોવાનું જણાવેલ છે. વધુમાં, સદરહુ દસ્તાવેજ પર આધાર રાખતાં જણાવેલ છે કે, વાદીના દાદાએ વાદગ્રસ્ત મિલકતને ગીરો મુકત કરવા માટે તેમના વંશ વારસો ધ્વારા પ્રતિવાદીને રૂા.૧,૩૦૦/– ની રકમ પરત આપ્યેથી વાદગ્રસ્ત મિલકત ગીરો મુકત થતી હોવાની શરત મુકવામાં આવેલ છે. પરંતુ, પ્રતિવાદીઓ ધ્વારા માર્ક–૫૫/૧ થી રજૂ કરવામાં આવેલ સ્પે.દાવા નંબર– ૮૧/૨૦૦૪ ના કામે વાદીની ઉલટતપાસ દરમિયાન ''તેજમાલભાઈ મારા પરદાદા થાય'' તેમ

જણાવેલ છે. ત્યારે વાદીના દાવા અરજીમાં જણાવેલ કથનો તથા આંક–૫૫/૧ વાળા રજી. ગીરો દસ્તાવેજમાં તેઓના દાદાનું નામ પખાલી ગોવા ઉર્ફે ગોવિંદ શીવજી હોવાનું જણાવે છે. આમ, વાદીના કથનમાં ઉપરોકત વિરોધાભાસને ધ્યાને લેતાં મનાઈહુકમ જેવી સમન્યાયી દાદ હાલના તબકકે વાદીની તરફેણમાં આપી શકાય નહિ.

હાલના દાવા કામે બિનતકરારી હકીકતો ધ્યાને લેવામાં આવે તો, વાદી ધ્વારા સને– ૧૯૬૯ વાળા દસ્તાવેજને આધારે વાદગ્રસ્ત મિલકતનો ગીરો મુકત કરાવવા માટે લગભગ ૫૦ વર્ષ બાદ હાલનો દાવો લાવવામાં આવેલ છે. વધુમાં, વાદી ધ્વારા માર્ક–૩/૪ થી નાયબ કલેકટરશ્રી ભુજ નાઓ સમક્ષ વાદગ્રસ્ત મિલકત રેવેન્યુ રેકર્ડ પરત્વે તારીખ–૧૮/૦૪/૨૦૧૩ ના રોજ સ્વ. મગનલાલ દેવજી ચૌહાણના અવસાન બાદ પાડવામાં આવેલી વારસાઈ નોંધ નંબર–૧૫૮૩ ને સને–૨૦૧૪ માં પડકારવામાં આવેલ છે અને વાદીના કથનો મુજબ નાયબ કલેકટર ભુજ નાઓ ધ્વારા વટાંતર દસ્તાવેજમાં ગીરો છોડાવવાની કાર્યવાહી નામદાર સિવિલ કોર્ટ સમક્ષ કરવાની હોવાથી સદરહુ અપીલ તારીખ– ૨૮/૦૧/૨૦૧૯ ના રોજ નામંજૂર થતાં હાલનો દાવો લાવવાની ફરજ પડેલ હોવાનું જણાવેલ છે. તે સંજોગોમાં મનાઈહુકમ જેવી સમન્યાયી દાદ આપતી જરૂરી જણાતી ન હોય, ત્યારે **નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા વિત્રાગ હોલ્ડીંગસ કંપની લીમીટેડ વિરુધ્ધ ગુજરાત સ્ટેટ ટેક્ષટાઈટલ કોર્પોરેશન (૧૯૯૬ (૩) જી.એલ.આર. ૫૩૬)** ના ચુકાદામાં ઠરાવવામાં આવ્યું તે મુજબ "....this Court has observed that when it comes to grant of equitable relief when the suit is filed after such a lapse of time, it cannot be said that the remedy of interim injunction was the necessary remedy and there was no other remedy available to the party concerned in this behalf."

**(૧૨)** આમ, ઉપરોકત ચર્ચાના અંતે, વાદીનો દાવો હાલના તબકકે પ્રથમ દર્શનીય કેસ પુરવાર થયાનું જણાતું ન હોય, **નામદાર સર્વોચ્ચ અદાલતના કાશી મઠ સમસ્થાન અને અન્ય વિરધ્ધુ શ્રીમદ સુધીન્દ્રા તીર્થ સ્વામી (એ.આઈ.આર. ૨૦૧૦ સુપ્રીમ કોર્ટ ૨૯૬)** ના ચુકાદામાં જણાવ્યા મુજબ સગવડતા અગવડતાનું ધોરણ અને નાણાંમાં ન વાળી શકાય તેવા નુકસાન અંગેના સિધ્ધાંતની ચર્ચા કરવાની રહેતી નથી. તેથી, **મુદા નંબર –૧ થી ૩** નો નિર્ણય **નકારમાં** હોઈ, **મુદા નં.૪** અંગે નીચે હુકમ કરવામાં આવે છે.

## // <u>આખરી હુકમ</u> //

- વાદીની **આંક–૦૫** ની મનાઈઅરજી **નામંજૂર** કરવામાં આવે છે.
- ખર્ચ દાવાના આખરી હુકમના પરિણામને અનુસરશે.

હુકમ આજ તારીખ–૨૫ મી, માહે–જુન, સને–૨૦૨૫ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

તારીખ :– ૨૫/૦૬/૨૦૨૫
સ્થળ :– ભુજ–કચ્છ.

**(બી. એન. ત્રિવેદી)**
અધિક સિવિલ જજ
ભુજ–કચ્છ. જી.જે.૦૧૭૬૩

***//D.A.D//***